# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા.ન./પગારડેટા/નવેમ્બર/૨૦૨૪/ ૧૫૫૧૧-૧૫૫૨૧ તા. ૦૯/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ
સુરત, જિલ્લો-સુરત

વિષય :- માહે નવેમ્બર -૨૦૨૪ પેઈડ ઇન ડિસેમ્બર -૨૦૨૪ માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

સંદર્ભ :- નાંણા વિભાગ, ગુજરાત સરકારનાં ઠરાવ ક્રમાંક : બનસ-૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૨૧/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓના કર્મચારીઓના માહે નવેમ્બર-૨૦૨૪ પેઈડ ઇન ડિસેમ્બર-૨૦૨૪નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૧૧/૧૧/૨૦૨૪ | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |
| ૨ | ૧૨/૧૧/૨૦૨૪ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |

## <u>પગાર ડેટા રજૂ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે</u>

- <u>એડહોક બોનસ (વર્ગ-૪) :-</u> સંદર્ભદર્શિત પત્ર અન્વયે વર્ગ-૪નાં કર્મચારીને એડહોક બોનસ ચુકવવા ઠરાવેલ હોય બોનસની ચુકવણી માટે RT-12 માં કોડ નંબર E-27 BONUS કોડ દર્શાવી રકમ રૂ.૬૯૦૮/- રજુ કરવાનું રહેશે. તથા શાળાનાં આચાર્યશ્રીએ બોનસ મેળવનાર કર્મચારીશ્રીએ સને ૨૦૨૩-૨૪નાં વર્ષ દરમિયાન સળંગ છ માસની નોકરી કરેલ છે તેમજ તા-૩૧/૦૩/૨૦૨૪ના રોજ નોકરીમાં ચાલુ છે જે સબબનું પ્રમાણપત્ર RT-12ની નીચે ફરજીયાત આપવાનું રહેશે.
- નવા સી.પી.એફ. નંબર મળેલ હોય તેની કપાત શરૂ કરતા પહેલા સી.પી.એફ. નંબરનું મેપીંગ થયેલ છે કે કેમ? તથા સી.પી.એફ. નંબર એક્ટીવ થયેલ છે કે કેમ ? PRAN કીટ નંબર આવેલ છે કે કેમ ? ચેક કરાવ્યા બાદ જ જરૂરી આધારો સાથે RT FORM-1 ડેટાપત્રક રજૂ કરવાનું રહેશે.
- નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે. જેની નોંધ લેવી.

- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.

નોંધ :- કર્મચારીનો એમ્પલોય નંબર લખ્યા બાદ ચકાસણી કરી ડેટા રજૂ કરવાના રહેશે અન્યથા ડેટા બાબતે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના : જાણ તથા જરૂરી વ્યવસ્થા કરવા સારુ.

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત